# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 08-02-2025** **Morning : 7.10 to 7.20**
**Day : SATURDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **રિધ્ધી ઉંધાડ** વાંચે છે.

---

1. **મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આજે અમદાવાદ ખાતેથી રાજ્યકક્ષાના મિલેટ મહોત્સવનો પ્રારંભ કરાવશે.**
2. **કેન્દ્રીય મંત્રી ડૉ. મનસુખ માંડવિયા ગાંધીનગરમાં 11 ફેબ્રુઆરી સુધી યોજાનાર BIMSTEC યુવા સમિટનું ઉદ્ઘાટન કરશે.**
3. **કોલ્ડ પ્લે કોન્સર્ટ દરમિયાન અમદાવાદ પોલીસે કરેલી કામગીરીને ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ બિરદાવી.**
4. **દક્ષિણ ગુજરાત અને દક્ષિણ સૌરાષ્ટ્રના માછીમારોને દરિયો ન ખેડવા હવામાન વિભાગની સૂચના.**
5. **રાજ્યની સૌથી મોટી વિશ્વવિદ્યાલય ગુજરાત યુનિવર્સિટીએ રાષ્ટ્રીય મૂલ્યાંકન અને માન્યતા પરિષદ -NAACમાં A+ ગ્રેડ મેળવ્યો.**

-----------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# MILLET MAHOTSAV

રાજ્યની 7 મહાનગરપાલિકાઓમાં આજથી બે દિવસીય 'મિલેટ મહોત્સવ અને પ્રાકૃતિક ખેડૂત બજાર 2025'નો આરંભ થશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અમદાવાદ ખાતેથી રાજ્યકક્ષાના મિલેટ મહોત્સવનો આરંભ કરાવશે.

અમદાવાદ ખાતે યોજાનારા રાજ્ય કક્ષાના મિલેટ મહોત્સવમાં શહેર જિલ્લા સહિત રાજ્યભરમાંથી મિલેટ ઉત્પાદકો, પ્રાકૃતિક કૃષિ ઉત્પાદકો, ઓર્ગેનિક ખાદ્ય ઉત્પાદકો સહિત ખેડૂતો, સંસ્થાઓ અને વેપારીઓ ભાગ લેશે.

આ મહોત્સવમાં વિવિધ પ્રકારના પરિસંવાદો, તાલીમ, સાંસ્કૃતિક કાર્યક્રમો સહિત મિલેટ વેચાણ અને પ્રદર્શન સ્ટોલ્સ અને મિલેટ લાઈવ ફૂડ સ્ટોલ્સ મુલાકાતીઓમાં આકર્ષણ જમાવશે.

105 પ્રદર્શન અને વેચાણ સ્ટોલ્સ પર વિવિધ પ્રકારના મિલેટ પ્રોડક્ટ્સ, પ્રાકૃતિક કૃષિ અને ઓર્ગેનિક ખેતી પ્રોડક્ટ્સ સહિત વિવિધ ખેત ઉત્પાદનો અને અન્ય પેદાશો જોવા અને ખરીદવા મળશે.

# MANDAVIYA-BIMSTEC YOUTH SUMMIT

કેન્દ્રીય મંત્રી ડૉ. મનસુખ માંડવિયા ગાંધીનગરમાં 11 ફેબ્રુઆરી સુધી યોજાનાર BIMSTEC યુવા સમિટનું ઉદ્ઘાટન કરશે. આ સમિટનો ઉદ્દેશ સભ્ય દેશો વચ્ચે અનુભવોના આદાન-પ્રદાન અને યુવાનોની આગેવાની હેઠળની પહેલના આદાન-પ્રદાનને સુલભ બનાવવાનો છે.

આ સમિટ સ્થાયી વિકાસ લક્ષ્યાંકોની પ્રગતિ પર સંવાદ માટે મંચ પ્રદાન કરશે. જેમાં BIMSTEC દેશોના 70 પ્રતિનિધિઓને એકમંચ પર લાવવામાં

આવશે. દરેક સભ્ય દેશનું પ્રતિનિધિત્વ 10 યુવા પ્રતિનિધિઓ કરશે. જેમને મુખ્ય ક્ષેત્રોમાં તેમની કુશળતા માટે પસંદ કરવામાં આવશે, જે લક્ષિત ચર્ચાઓને પ્રોત્સાહન આપશે અને સમિટમાંથી અર્થપૂર્ણ પરિણામોમાં ફાળો આપશે.

## HARSH SANGHAVI – COLD PLAY CONCERT

ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ કહ્યું, અમદાવાદમાં યોજાયેલા કોલ્ડપ્લે કોન્સર્ટમાં દર્શકોની સુવિધા માટે સુરક્ષા, ટ્રાફિક, પરિવહન અને અને ઇમરજન્સી સેવાઓમાં અમદાવાદ પોલીસે આંતરરાષ્ટ્રીય સ્તરે ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું. શ્રી સંઘવીએ શાહીબાગ પોલીસ કમિશનર કચેરી, ખાતે ઉપસ્થિત રહી અમદાવાદ પોલીસની ટીમને અભિનંદન પાઠવ્યા.

શ્રી સંઘવીએ જણાવ્યું કે આ કોન્સર્ટ થકી 400 કરોડ રૂપિયાનો બિઝનેસ થયો. અમદાવાદ,ગાંધીનગર, મહેસાણા સહિત આસપાસના અનેક વિસ્તારોના લોકોને રોજગારી મળી.

## NAVSARI-PLASTIC FREE

નવસારી મહાનગરપાલિકાએ શહેરને પ્લાસ્ટિક મુકત બનાવવાની દિશામાં મહત્વનું પગલું ભર્યું છે. મહાનગરપાલિકાની ટીમ દ્વારા પ્લાસ્ટિક વેપારીઓની દુકાનમાં દરોડા પાડવામાં આવ્યા હતા. આ દરમિયાન 900 કિલો પ્રતિબંધિત સિંગલ યુઝ પ્લાસ્ટિકનો જથ્થો જપ્ત કરાયો. આ સાથે 50 વેપારીઓ સામે કડક કાર્યવાહી કરી 1 લાખ 75 હજારનો દંડ કરાયો.

આ અંગે નાયબ કમિશનર જે.યુ.વસાવાએ વધુ માહિતી આપી.

**બાઈટ : જે.યુ.વસાવા (નાયબ કમિશનર, નવસારી)**

# NAVSARI-AGNIVEER

નવસારી રોજગાર કચેરી અને ગુરુકુલ વિદ્યામંદિર, સુપાના સંયુક્ત ઉપક્રમે "અગ્નિવીર પ્રોજેક્ટ" અંતર્ગત એક વિશિષ્ટ ઓનલાઈન વેબિનાર યોજાયો. કાર્યક્રમનો ઉદ્દેશ્ય વિદ્યાર્થીઓને ભારતીય સશસ્ત્ર સેના અને "અગ્નિપથ યોજના" વિશે માહિતી આપી તેમને આ ક્ષેત્રમાં કારકિર્દી બનાવવા પ્રેરિત કરવાનો હતો. વેબિનારમાં સૈન્ય આરોગ્ય અધિકારીએ વિદ્યાર્થીઓને સેનામાં ભરતી પ્રક્રિયા, તજજ્ઞ તાલીમ, શારીરિક પરીક્ષા, મેડિકલ ટેસ્ટ અને અન્ય તક અંગે વિગતવાર માહિતી આપી.

# NADIAD SANTRAM MANDIR

ખેડા જિલ્લાના નડિયાદમાં આવેલ સંતરામ મંદિર ખાતે આગામી 12 ફેબ્રુઆરીએ 194મો સમાધિ મહોત્સવ ઉજવાશે. આ મહોત્સવમાં પરંપરાગત કોપરું અને સાકરની ઉછળામણી થશે. આ ઉછાળેલા પ્રસાદને જીલવા હજારો સંતરામ ભક્તો આવશે. આ અંગે સંતરામ મંદિરના નિર્ગુંણદાસજી મહારાજે માહિતી આપી હતી.

**બાઈટ - પૂ. નિર્ગુંણદાસજી મહારાજ, સંત શ્રી સંતરામ મંદિર નડિયાદ**

# BANASKANTHA – DEMOLITON

બનાસકાંઠાના પાલનપુર ખાતે હનુમાન ટેકરી અને એરોમા સર્કલથી કોઝે વિસ્તારના દબાણો હટાવવાની ઝુંબેશ હાથ ધરાઇ છે. આ વિસ્તારના રાહદારીઓને ટ્રાફિકની સમસ્યાનો સામનો કરવો પડી રહ્યો હતો જેને લઇ ધોરીમાર્ગ સત્તામંડળ, માર્ગ અને મકાન વિભાગ તેમજ નગર પાલિકા દ્વારા દબાણ ઝુંબેશ શરૂ કરાઇ. જેમાં અડચણરૂપ દબાણો દૂર કરાયા હતા.

# PANCHMAHAL CHILD MARRIAGE TALIM

પંચમહાલ જિલ્લાના તમામ પોલીસ સ્ટેશનના બાળ કલ્યાણ અધિકારી, સી ટીમ, મહિલા પોલીસ માટે બાળ લગ્ન પ્રતિબંધક અધિનિયમ 2006 અંગે તાલીમ યોજાઇ. આ તાલીમમાં બાળ લગ્ન અટકાવવા અંગે જાણકરી આપવામાં આવી. જેમાં 40થી વધુ પોલીસ કર્મચારી અને બાળ કલ્યાણ અધિકારી હાજર રહ્યા હતા.

# WEATHER

હવામાન વિભાગની આગાહી અનુસાર રાજ્યમાં 45 થી 55 કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાશે. ત્યારે દક્ષિણ ગુજરાત અને દક્ષિણ સૌરાષ્ટ્રના માછીમારોને દરિયો ન ખેડવા હવામાન વિભાગે સૂચના આપી છે. હવામાન વિભાગના નિયામક એ કે દાસના જણાવ્યા અનુસાર દક્ષિણ ગુજરાતમાં એક દબાણ સર્જાયું છે તેને કારણે પવનની ગતિ વધી છે.

**(બાઇટ: એ કે દાસ – નિયામક હવામાન વિભાગ )**

છેલ્લા 24 કલાક દરમિયાન નોંધાયેલા લઘુત્તમ તાપમાનની વાત કરવામાં આવે તો નલિયામાં રાજ્યનું સૌથી ઓછું 7.6 ડિગ્રી સેલ્સિયસ લઘુત્તમ તાપમાન નોંધાયું હતું. આ ઉપરાંત અમદાવાદમાં 15, વડોદરામાં 17.2, રાજકોટમાં 13.3 અને સુરતમાં 18.4 ડિગ્રી સેલ્સિયસ લઘુત્તમ તાપમાન નોંધાયું હતું.

# GUJARAT UNIVERSITY NAAC GRADE

રાજ્યની સૌથી મોટી વિશ્વવિદ્યાલય ગુજરાત યુનિવર્સિટીએ રાષ્ટ્રીય મૂલ્યાંકન અને માન્યતા પરિષદ -NAACમાં A+ ગ્રેડ મેળવ્યો છે. 28 થી 30 જાન્યુઆરી દરમિયાન ગુજરાત યુનિવર્સિટીમાં NAAC નું ઇન્સ્પેક્શન યોજાયું. આ દરમિયાન NAACની ટીમે ગુજરાત યુનિવર્સિટીના અલગ અલગ વિભાગની મુલાકાત લીધી હતી. ઇન્સ્પેક્શન બાદ ગુજરાત યુનિવર્સિટીને A + ગ્રેડ આપ્યો. ગુજરાત યુનિવર્સિટીને 5 પૈકી 3.3 ક્રમ મળ્યા છે.

# PATAN YOG SHIBHIR

પાટણ ખાતે બે દિવસીય ગુજરાત રાજય યોગ બોર્ડ દ્વારા યોગ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું જેનો આજે છેલ્લો દિવસ છે. આજે સવારે 6 વાગ્યાથી પાટણના ઉપવન મેદાનમાં યોગ શિબિર શરૂ થઈ ગઈ છે. જેમાં યોગ સાધકોએ ઉત્સાહભેર ભાગ લીધો છે.

ઉલ્લેખનીય છે કે લોકોના માનસિક અને શારીરિક સ્વાસ્થયની સાથે સાથે આવનાર પેઢીમાં યોગ અંગેની જાગૃતતા આવે તેમજ દરેક નાગરીકને સ્વસ્થ જીવનશૈલી અને નિરોગી જીવન જીવવા માટે પ્રોત્સાહિત કરવાનો શિબિરનો હેતુ છે.

# PATAN UNIVERSITY

પાટણની હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત વિશ્વ વિદ્યાલય, અરવલ્લી જિલ્લાની આર્ટ્સ કોલેજ, શામળાજીની આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, વડનગર અને આર્ટ્સ કોલેજના સંયુક્ત ઉપક્રમે તારીખ 7 અને 8 એમ બે દિવસીય આંતરરાષ્ટ્રીય પરિષદનું આયોજન કરવામાં આવ્યું છે.

આ પરિષદમાં 650 જેટલાં લોકોએ નોંધણી કરાવી હતી. આ પરિષદના પહેલા દિવસે વિકસિત ભારત 2047 અંગે વિવિધ મહાનુભાવોએ વક્તવ્યો આપ્યાં હતાં અને અલગ અલગ વિષયો પર સંશોધન કરી ભારતને રાષ્ટ્રગુરુ બનાવવામા સિંહફાળો આપવાં પ્રોત્સાહીત કર્યા હતા.

# NARMADA-HATHIPAGO

નર્મદા જિલ્લાના નાંદોદ અને ડેડીયાપાડામાં હાથીપગાના કેસો નોંધાતા આરોગ્ય તંત્ર સજ્જ બન્યું છે. જે અંતર્ગત 10થી 12 ફેબ્રુઆરી ત્રણ દિવસ આરોગ્ય કેન્દ્ર દ્વારા ઠેર ઠેર દવા વિતરણનો કાર્યક્રમ યોજાશે.

ઉલ્લેખનીય છે કે કેન્દ્ર સરકાર દ્વારા વર્ષ ૨૦૨૭ સુધીમાં ‘ફાઇલેરિયા નાબુદી’ અંગેનો લક્ષ્યાંક નક્કી કરવામા આવ્યો છે.

# KOTBA-AYUSHMAN

ડાંગ જિલ્લાના આહવાના ગાઢવી સ્થિત કોટબા આયુષમાન આરોગ્ય મંદિરને રાષ્ટ્રીય ગુણવત્તા ખાતરી ધોરણનું રાષ્ટ્રીય પ્રમાણપત્ર એનાયત કરાયું છે. એન.એચ.આર.સી દિલ્હીના ટીમે કરેલા મુલ્યાંકનમાં 93.19 સ્કોર મળવીને રાષ્ટ્રીય ગુણવત્તા ખાતરી ધોરણનું રાષ્ટ્રીય પ્રમાણપત્ર પ્રાપ્ત કર્યું છે.

કોટબા આયુષ્માન આરોગ્ય મંદિરમાં સગર્ભા માતાની તેમજ પ્રસૂતાની પ્રસૂતિ પછીની સાર સંભાળ, નવજાત શિશુ, ડાયાબિટીસ, કેન્સર જેવા રોગોનું નિદાન સહિત અનેક સેવાઓ અપાઈ રહી છે. ઉલ્લેખનીય છે કે દિલ્હીની ટીમ દ્વારા આરોગ્ય અંગેના આ તમામ પાસાંઓની ચકાસણી કરી સ્કોર આપવામાં આવ્યાં હતાં.